### સોનમ વાંગચુકનું ચોંકાવનારું નિવેદન

# દીપકે અને સૌરવ દાસ કોઈ સંત નથી કે તેમને મહત્વકાંક્ષા ન હોય

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હીના જંતર-મંતર પર ૨૬ દિવસ સુધી અનશન કરનારા પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે કૉકરોચ જનતા પાર્ટીના અભિજિત દીપકે, સૌરવ દાસ અને આશુતોષ રંકા અંગે મોટો ખુલાસો કર્યો છે. તેમણે એક પૉડકાસ્ટમાં કહ્યું કે, આ લોકોની રાજકીય મહત્ત્વકાંક્ષા છે.



સોનમ વાંગચુકે કહ્યું કે, 'તમને યાદ હશે કે, આ લોકો રાજકીય પાર્ટીમાંથી આવ્યા હોવાનું લોકો કહેતા હતા. કેટલાક લોકો કહેતા હતા કે, તેઓ આમ આદમી પાર્ટીમાંથી આવ્યા છે. કોઈએ ભૂતકાળમાં શું લખ્યું હતું, તેને હું કોઈ મુદ્દો બનાવવા માંગતો નથી. પરંતુ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાવાની બાબત મને કોઈ ખોટી લાગતી નથી.'

તેમણે કહ્યું કે, 'કેટલાક લોકો કહે છે કે, CJPના નેતાઓમાં રાજકીય મહત્ત્વકાંક્ષા છે કે નહીં? તો હું કહેવા માંગું છું કે, તેઓમાં રાજકીય મહત્ત્વકાંક્ષા છે. જ્યારે મેં તેઓને પારખ્યા તો મને તેમનામાં આ બાબતો જોવા મળી, પરંતુ આ કોઈ ખોટી વાત નથી. તેઓએ મને કંઈ કહ્યું નથી, પરંતુ હું પારખી શકું છું કે, તેઓમાં કેટલી મહત્ત્વકાંક્ષા છે અને આ લોકો કોઈ સંત પણ નથી કે તેમને કંઈ જોઈતું ન હોય. તેઓમાં જરૂર કોઈ રાજકીય મહત્ત્વકાંક્ષા હશે અને હોવી પણ જોઈએ. તેમાં કોઈ ખોટું પણ નથી.'

**વાંગચુકે એક પોડકાસ્ટમાં જણાવ્યું કે, આ લોકોની રાજકીય મહત્ત્વકાંક્ષા છે અને તેમાં કશું ખોટું નથી. જોકે, CJP ને રાજકીય રંગ આપવો યોગ્ય નથી**

તેમણે વધુમાં કહ્યું કે, 'હું એમ પણ કહેવા માંગું છું કે, જો આ પ્લેટફોર્મને રાજકીય પક્ષ તરીકે શરૂ કરવામાં આવ્યું નથી, તો તેની પવિત્રતા જાળવી રાખવી જોઈએ. જો આ પ્લેટફોર્મને એક તટસ્થ અને રાજકીય પાર્ટી પર દબાણ લાવતું ગ્રૂપ બનાવીને રાખશો તો વધુ કામ થઈ શકશે. આ પ્લેટફોર્મ રાજકીય નહીં બને તો લોકો તેમના પર વધુ આસ્થા રાખશે. બાકી તો તમે આગામી સમયમાં કોઈ રાજકીય પાર્ટીમાં જોડાઈ શકો છો અથવા નવી રાજકીય પાર્ટી શરૂ પણ કરી શકો છો.'

વાંગચુકે કહ્યું કે, 'લોકોએ આ પ્લેટફોર્મને ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા મંચ તરીકે જોયું નથી. લોકોએ તેને માત્ર એક વિદ્યાર્થી આંદોલન તરીકે જોયું છે. તેથી તેને કોઈ રાજકીય રંગ આપવો સારી વાત નથી. ક્યારેક લોકો મને કહે છે કે, અમે તમને (વાંગચુક) જોઈને અહીં આવ્યા છીએ. હું તો CJPના નેતાઓને જાણતો પણ ન હતો. જો આ લોકો આગામી સમયમાં કોઈ ખોટું કરશે તો અમે તમને પકડીશું. હું એમ પણ ન કહી શકું કે, તેઓ ભ્રષ્ટ નહીં થાય, તેઓ રાજકીય રીતે સ્વાર્થી નહીં બને. હું આ બાબતો જાણતો નથી.'

### નેપાળ પૂરમાં સાડી બની જીવનદોરી

# તમિલનાડુના ૨૧ યાત્રીઓનો કાદવ-પથ્થરો વચ્ચેથી ચમત્કારિક બચાવ

નવી દિલ્હી, તા.૩૦

નેપાળ-તિબેટ સરહદ નજીક પહાડી રસ્તા પર ગ્લેશિયર તૂટ્યા બાદ આવેલી વિનાશક પૂર અને ભેખડો ધસી પડવાની ઘટનામાં તામિલનાડુના યાત્રાળુઓની આપવીતી સામે આવી છે. સવારે ૮ વાગ્યે સ્યાબ્રુબેસીથી ચીની ઈમિગ્રેશન તરફ જઈ રહેલા કાફલા પર અચાનક બોમ્બ ધમાકા જેવો ધડાકો થયો હતો. પહાડો પરથી ૭૦થી ૮૦ ફૂટ ઊંચી માટી અને પથ્થરોની સુનામી જેવી લહેર નીચે ધસી આવી હતી. યાત્રાળુઓ કાદવ અને કાંટાળી ઝાડીઓ વચ્ચે જીવ બચાવવા માટે ઉપર તરફ ભાગવા લાગ્યા હતા.બચી ગયેલા ૨૧ યાત્રાળુઓમાં મોટાભાગના ૫૦ વર્ષથી વધુ વયના હતા. પહાડના ઢોળાવ પરથી વારંવાર લપસી રહેલા યાત્રાળુઓને બચાવવા માટે ટોચ પર પહોંચેલી પૂંગોડી નામની મહિલાએ પોતાની સાડી ઉતારીને નીચે લટકાવી હતી. યાત્રાળુઓએ આ સાડી અને ત્યાં પડેલા એક કેબલ વાયરને મજબૂતીથી પકડીને ઉપર ચઢવાનું શરૂ કર્યું હતું. એક વૃદ્ધ મહિલા એકલા ચઢી ન શકતા તેમની કમરે સાડી બાંધીને જૂથના સભ્યોએ તેમને ઉપર ખેંચી લીધા હતા.યાત્રાળુ નવુ કબીરદાસે જણાવ્યું કે જો એક પણ ભૂલ થઈ હોત તો તેઓ ૫૦ ફૂટ નીચે ખાઈમાં ખાબકી ગયા હોત. એક તબક્કે ખોટા રસ્તે પહોંચી ગયા બાદ એક સ્થાનિક નેપાળી નાગરિકે તેમનું સાચું માર્ગદર્શન કર્યું હતું. કાંટાળી ઝાડીઓ વચ્ચે ૩ કલાક સુધી પહાડી રસ્તે પગપાળા પ્રવાસ કર્યા બાદ તેઓ સેનાના હેલિકોપ્ટર સુધી પહોંચ્યા હતા. કઠિન યાત્રા બાદ કાઠમંડુ અને નવી દિલ્હી થઈને ૨૧ યાત્રાળુઓ સુરક્ષિત રીતે ચેન્નઈ પહોંચ્યા છે.

**એક મહિલાએ પોતાની સાડી અને કેબલ વાયરની મદદથી યાત્રાળુઓને બચાવ્યા : પહાડી રસ્તે ચાલીને હેલિકોપ્ટર દ્વારા સુરક્ષિત પહોંચ્યા**

આ ચમત્કારિક બચાવ બાદ પણ આશંકાઓ હજુ ઘેરી છે. ૫૭ સભ્યોના આ જૂથમાંથી ૩૬ યાત્રાળુઓ શનિવાર સુધી ગુમ હતા, જ્યારે ચેન્નઈના ૪૯ યાત્રાળુઓનું અન્ય એક જૂથ પણ લાપતા છે.

### નેપાળ બાદ ચીનમાં આફત

# ભૂસ્ખલન થતાં કાટમાળમાં દટાયેલા ૧૬ લોકોના મોત

બેઈજીંગ, તા.૩૦

ચીન-નેપાળ સરહદે આવેલા ગિરોંગ પોર્ટ (Gyirong Port) પર ૨૯મી ઓગસ્ટે થયેલા વિનાશક ભૂસ્ખલન બાદ પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. દક્ષિણ-પશ્ચિમ ચીનના તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના વહીવટીતંત્રના જણાવ્યાનુસાર, શનિવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૬ લોકોના મોતની પુષ્ટિ થઈ છે, જ્યારે ૫૪૬ લોકો હજુ પણ ગુમ છે.

ગુમ થયેલા લોકોમાં ૪૯ ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે. રાહત અને બચાવ ટીમો હાલમાં ગુમ થયેલા લોકોને શોધવા માટે સતત બચાવ કામગીરી ચલાવી રહી છે.

અહેવાલો અનુસાર, ભૂસ્ખલન પછી ૨૩ દેશોના કુલ ૨૬૧ વિદેશી નાગરિકો ગુમ હોવાના અહેવાલ છે. આમાંથી સૌથી વધુ નેપાળના ૧૦૪ નાગરિકો ગુમ થયા છે.

આ સિવાય ગુમ થયેલા લોકોમાં ભારતના ૪૯, લાતવિયાના ૩૩, અમેરિકાના ૧૮ અને બ્રિટનના ૧૫ નાગરિકોનો સમાવેશ થાય છે. ઉપરાંત કેનેડા અને ઓસ્ટ્રેલિયાના ૬-૬ નાગરિકો, દક્ષિણ આફ્રિકાના ૪, મલેશિયાના ૩, જર્મનીના ૩ અને રશિયાના ૩ નાગરિકો પણ ગુમ છે. આયર્લેન્ડ અને એસ્ટોનિયાના ૨-૨, તથા ફ્રાન્સ, નેધરલેન્ડ્સ અને ન્યૂઝીલેન્ડ સહિત અન્ય ઘણાં દેશોના નાગરિકો પણ ગુમ થયેલા લોકોની યાદીમાં સામેલ છે.તિબેટ સ્વાયત્ત ક્ષેત્રમાં તાજેતરમાં આવેલા પૂર અને ભૂસ્ખલન બાદ, સ્થાનિક અધિકારીઓએ ગુમ થયેલા વિદેશી નાગરિકો વિશે જાણકારી આપવા અને માહિતી એકત્રિત કરવા માટે ૨૪ કલાક કાર્યરત બે વિશેષ અંગ્રેજી ભાષાની હેલ્પલાઈન શરૂ કરી છે. આ હેલ્પલાઈન દ્વારા ગુમ થયેલા વિદેશી નાગરિકોના પરિવારો તેમના પ્રિયજનો વિશે માહિતી મેળવી શકશે. તિબેટ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલા સમર્પિત હેલ્પલાઈન નંબરો ૦૦૮૬-૮૯૧-૬૮૧૭૧૬૫ અને ૦૦૮૬-૧૮૩-૦૮૦૨-૬૭૦૫ છે.

**ચીન-નેપાળ સરહદે આવેલા ગિરોંગ પોર્ટ પર ૨૯મી ઓગસ્ટે ભૂસ્ખલન થયું હતું, જેમાં ૫૪૬ લોકો ગુમ છે**



બિહારના ૧૫ જિલ્લામાં ભારે વરસાદના જારી એલર્ટ વચ્ચે ઉપરવાસમાં મુશળધાર વરસાદના પગલે ગંગા નદીનું જળસ્તર ભયજનક સપાટીએ વધી રહ્યુ છે. પટનાનો દીઘા ઘાટ ડૂબી ગયો છે. ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં ગંગા નદીના પૂરના પાણી દરાગંજ ખાતે આવેલા હનુમાનજીના મંદિરમાં ઘૂસી ગયા છે. હનુમાન મંદિરના ગર્ભગૃહમાં ભરાયેલા પાણીમાં એક કિશોર પ્રાર્થના કરી રહ્યો છે.

### મોટી સંખ્યામાં યુવાનો જોડાઈ રહ્યા છે : વડાપ્રધાન

# 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે

નવી દિલ્હી, તા.૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે (૩૦ ઓગસ્ટ ૨૦૨૬) 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડમાં દેશવાસીઓને નશા સામેના અભિયાનને મજબૂત કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે 'નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત' અભિયાન ઝડપથી આગળ વધી રહ્યું છે અને મોટી સંખ્યામાં યુવાનો આની સાથે જોડાઈ રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું કે આ અભિયાનનો લક્ષ્ય સ્પષ્ટ છે. આપણે દેશના યુવાનોને નશાથી દૂર રાખવા અને ભારતને ડ્રગ્સથી મુક્ત બનાવવું છે. તેમણે કહ્યું કે નશાની લત માત્ર એક વ્યક્તિને પ્રભાવિત કરતી નથી, પરંતુ તેની અસર સમગ્ર પરિવાર અને સમાજ પર પડે છે. પ્રધાનમંત્રીએ એ લોકોની પ્રશંસા કરી જેઓ નશા સામે જાગૃતિ ફેલાવવા અને નશાની સમસ્યાથી ઝઝૂમી રહેલા લોકોની મદદ કરવા માટે આગળ આવી રહ્યા છે. તેમણે યુવાનોને અપીલ કરી કે તેઓ નશા મુક્ત ભારત માટે નવા અને સર્જનાત્મક રસ્તા અપનાવે. પીએમ મોદીએ યુવાનોને મજબૂત નારા બનાવવા, ડ્રગ્સથી દૂર રહેવાનો સંદેશ આપતા ગીતો તૈયાર કરવા અને વિદ્યાર્થીઓ તથા થિયેટર ગ્રુપોને એવા નાટકો તૈયાર કરવા કહ્યું, જેમાં નશાના નુકસાનની સાથે આનાથી બહાર નીકળવાનો રસ્તો પણ બતાવવામાં આવ્યો હોય. પીએમ મોદીએ કહ્યું કે આવા પ્રયાસો યુવાનો સુધી નશા સામેનો સંદેશ પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.'મન કી બાત'માં પ્રધાનમંત્રીએ ભારતના ઈતિહાસને સરળ રીતે સમજાવતી એક વેબસાઈટનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે સોશિયલ મીડિયા પર તેમને આ વેબસાઈટ વિશે માહિતી મળી હતી. પીએમ મોદીના જણાવ્યા અનુસાર, મુંબઈમાં રહેતા કૃષ્ણા શેષાદ્રીએ ભારત રાજય નામથી આ વેબસાઈટ તૈયાર કરી છે. વેબસાઈટ પર કોઈ પણ વ્યક્તિ કોઈ ખાસ વર્ષને પસંદ કરીને એ જોઈ શકે છે કે તે સમયે ભારતના અલગ-અલગ ભાગોમાં કોનું શાસન હતું. પ્રધાનમંત્રીએ આ પ્રયાસને રસપ્રદ ગણાવતા કહ્યું કે ઈતિહાસને આ રીતે સરળ અને રોચક રીતે લોકો સુધી પહોંચાડવાના પ્રયાસની માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચવી જોઈએ.

**મોદીએ 'મન કી બાત'ના ૧૩૭મા એપિસોડમાં દેશવાસીઓને નશા સામેના અભિયાનને મજબૂત કરવાની અપીલ કરી**

### અમેરિકામાં બોલ્યા સંઘ વડા મોહન ભાગવત

# ભારતમાં મુસ્લિમો ન હોવા જોઈએ, તેવું વિચારનારા હિન્દુ નથી

ન્યૂયોર્ક, તા.૩૦

ન્યૂયોર્કમાં "એક વિશ્વ, એક માનવતા" કાર્યક્રમને સંબોધતા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે કહ્યું કે જે કોઈ એવું માને છે કે દેશમાં મુસ્લિમો માટે કોઈ સ્થાન ન હોવું જોઈએ તે હિન્દુ ન હોઈ શકે.

મોહન ભાગવતે કહ્યું કે હિન્દુત્વ મુસ્લિમો વિના ભારતની કલ્પના કરતું નથી, અને જો તમે પોતાને હિન્દુ કહેવા માંગતા હો, તો તમારે એ પણ સ્વીકારવું જોઈએ કે બધા માર્ગો અલગ છે. દરેકના ધાર્મિક શિસ્ત અને પૂજા પદ્ધતિઓ અલગ હોઈ શકે છે, પરંતુ અંતિમ સત્ય અને માનવતા સમાન છે. મનુષ્યો વચ્ચે કોઈ ભેદભાવ નથી.

મોહન ભાગવતે આ કાર્યક્રમમાં કહ્યું કે ભારતીય પરંપરા લાંબા સમયથી એવી માન્યતા ધરાવે છે કે ધર્મો અલગ હોઈ શકે છે, માનવતા એક છે અને સત્ય પણ એક છે. માનવતા આ સત્યનું ઉત્પાદન છે. તેમણે કહ્યું કે RSSની જવાબદારી છે કે તે વિશ્વના વિવિધ ભાગોમાં પ્રવાસ કરે અને લોકોને સમજાવે કે વિવિધતા હોવા છતાં, માનવતા એક છે.

**ભારતીય પરંપરા લાંબા સમયથી એવી માન્યતા ધરાવે છે કે ધર્મો અલગ હોઈ શકે છે, માનવતા એક છે અને સત્ય પણ એક છે**

મોહન ભાગવતે RSSના હિન્દુ રાષ્ટ્રના વિચાર અંગે કહ્યું કે, જો કોઈ હિન્દુ એવું વિચારે છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિન્દુત્વની મૂળ ભાવનાને સમજી શકતો નથી.

### પંજાબની ઈન્ફ્લુએન્સરના મોત બાદ માતાનો આરોપ

# ગર્ભપાતનું દબાણ કર્યા બાદ જીવતી બાળી નાખી

ચંદીગઢ, તા.૩૦

પંજાબી ઈન્ફ્લુએન્સર મનજીત કૌરના મોતના કેસમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. ઘટના સમયે તે ૭ અઠવાડિયાની ગર્ભવતી હતી. મનજીતની માતાએ આરોપ લગાવ્યો છે કે, તેનું અપહરણ કરીને જંગલમાં ઝાડ સાથે બાંધી જીવતી સળગાવી દેવામાં આવી હતી. સારવાર દરમિયાન તેનું મોત થતાં પોલીસે અપહરણ અને હત્યાનો કેસ નોંધીને તપાસ હાથ ધરી છે.

**મનજીતની માતાએ આરોપ લગાવ્યો છે કે, તેનું અપહરણ કરીને જંગલમાં ઝાડ સાથે બાંધી જીવતી સળગાવી દેવાઈ**

મૃતકની માતા કાંતા દેવી અનુસાર, રિંકુ નામનો યુવક તેની દીકરી સાથે લગ્ન કરવા તૈયાર નહોતો અને ગર્ભપાત કરાવવા દબાણ કરતો હતો. પરિવારે આ મામલે અમૃતસરની રહેવાસી નેહા પર પણ આક્ષેપો કર્યા છે, જોકે તેણે આ અંગે અજાણ હોવાનું જણાવ્યું છે. પોલીસ આ બંનેની પૂછપરછ કરવાની તૈયારી કરી રહી છે. સેક્ટર-૩૪ પોલીસ સ્ટેશનના એસએચઓ ઈન્સ્પેક્ટર શાદી લાલ આ કેસની તપાસ કરી રહ્યા છે.

૩ જુલાઈની રાત્રે શુભી અને પિંદા નામના શખ્સોએ મનજીતને સેક્ટર-૩૪ ખાતે બોલાવી મારપીટ કરી હતી. ત્યારબાદ કારમાં અપહરણ કરી મોરિન્ડાના જંગલમાં લઈ જઈ ઝાડ સાથે બાંધી આગ લગાવી દીધી હતી. ત્યાં પહોંચેલા એક પરિચિતે ધાબળો નાખી આગ ઓલવી તેને હોસ્પિટલ પહોંચાડી હતી. ગંભીર હાલતમાં તેને મોહાલીની મેક્સ હોસ્પિટલ અને ત્યારબાદ ૯ જુલાઈએ પીજીઆઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

શરૂઆતમાં મૃતકની બહેને ઘરમાં આગ લાગી હોવાની માહિતી આપી હોવાથી મામલો ખરડ સદર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, જેની પણ તપાસ થઈ રહી છે. પીજીઆઈમાં ૫ ઓગસ્ટે ભાનમાં આવ્યા બાદ મનજીતે નિવેદન નોંધાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને હોસ્પિટલ ચોકી દ્વારા તપાસ અધિકારી એએસઆઈ કુલવિંદર સિંહને જાણ પણ કરાઈ હતી. આરોપ છે કે તેમ છતાં તેઓ નિવેદન લેવા પહોંચ્યા નહોતા.

**નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ**
(અગાઉ એડલવાઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)
રજીસ્ટર્ડ ઓફિસ ટાવર ૩માં આવેલ છે, પાંચમો માળ, ટાવર ૩, વિંગ બી, કોહિનૂર સિટી મોલ, કોહિનૂર સિટી, કિરોલ રોડ, કુર્લા (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૭૦. શાખા ઓફિસનું સરનામું: - ઓફિસ નં. ૩૦૨,૩૦૩,૩૦૪, ત્રીજો માળ થર્ડ આઈ વિઝન બિલ્ડીંગ, આઈઆઈએમ - પાંજરા પોળ રોડ, અમદાવાદ, ૩૮૦૦૧૫

**સરફેસી એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) હેઠળ કબજાની સૂચના**

આથી નીચે સહી કરનાર, જેઓ નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડલવાઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી હતી) ના અધિકૃત અધિકારી છે, તેઓ 'નાણાકીય સંપત્તિઓનું સિક્યુરિટાઈઝેશન અને પુનર્ગઠન તથા સુરક્ષા હિતના અમલીકરણ (બીજો) વટહુકમ, ૨૦૦૨' (૨૦૦૨નો વટહુકમ ૩) હેઠળ અને 'સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨' ના નિયમ ૩ સાથે વંચાણે લેવાયેલ કલમ ૧૩(૧૨) હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને, નીચે વિગતવાર જણાવ્યા મુજબના ધિરાણ લેનાર(ઓ) ને 'ડિમાન્ડ નોટિસ' જારી કરી હતી. આ નોટિસમાં સંબંધિત ધિરાણ લેનારાઓને નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર, તેમાં દર્શાવેલ રકમ તેમજ ચુકવણીની વાસ્તવિક તારીખ સુધીના તમામ ખર્ચ, ચાર્જ અને અન્ય ખર્ચાઓ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું. ઉક્ત ધિરાણ લેનારાઓ/સહ-ધિરાણ લેનારાઓ અને સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉક્ત એક્ટની કલમ ૧૩(૪) અને ઉક્ત નિયમોના નિયમ ૮ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરીને નીચે વર્ણવેલ મિલકતનો 'પ્રતીકાત્મક કબજો' લીધો છે. આ સાથે ધિરાણ લેનારાઓ અને સામાન્ય જનતાને ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકતો અંગે કોઈ વ્યવહાર ન કરે; મિલકતો અંગેનો કોઈપણ વ્યવહાર નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડલવાઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ) ના ચાર્જ (હક/બોજ) ને આધીન રહેશે, જે સંબંધિત તારીખોથી ભવિષ્યના વ્યાજ, ખર્ચ અને ચાર્જ સહિત તેમાં નિર્દિષ્ટ રકમ માટે છે.
ધિરાણ લેનારાઓ, સહ-ધિરાણ લેનારાઓ અને જામીનદારો, જામીનગીરીઓ, બાકી લેણાં, કલમ ૧૩(૨) હેઠળ મોકલવામાં આવેલી માંગણીની નોટિસ અને તે અન્વયે માંગવામાં આવેલી રકમ તથા કબજો લેવાની તારીખની વિગતો નીચે મુજબ છે:

૧. ધિરાણ લેનાર, સહ-ધિરાણ લેનાર/જામીનદારનું નામ અને સરનામું, લોન ખાતા નંબર અને લોનની રકમ: છોટુ રામ નાયક (ધિરાણ લેનાર), ચીનુ દેવી (સહ-ધિરાણ લેનાર). રહેઠાણનું સરનામું: ફ્લેટ નં. ૨૦૪, બીજો માળ, બ્લોક નં. એ, સ્વામિનારાયણ પાર્ક ૧, જૂની નારોલ કોર્ટ પાસે, નારોલ-અસલાલી હાઈવે, નેશનલ હાઈવે નં. ૦૮, અમદાવાદ - ૩૮૨૪૦૫.
લોન ખાતા નં.: **L2580STHL000005340662** અને **L258STLAP000005340665**. લોન કરારની તારીખ: ૧૮/૧૦/૨૦૨૫ અને ૧૮/૧૦/૨૦૨૫. લોનની રકમ: રૂ. ૧૯,૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ઓગણીસ લાખ ચાલીસ હજાર પૂરા) અને રૂ. ૧૦,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ સાઈઠ હજાર પૂરા).
ડિમાન્ડ નોટિસની તારીખ: ૧૭-૦૬-૨૦૨૬
ચૂકવવાપાત્ર રકમ રૂ. ૨૦,૨૮,૫૦૧.૮૨/- (અંકે રૂપિયા વીસ લાખ અઠ્યાવીસ હજાર પાંચસો એક અને બ્યાંસી પૈસા માત્ર) અને રૂ. ૧૧,૫૨,૯૬૭.૫૨/- (અંકે રૂપિયા અગિયાર લાખ બાવન હજાર નવસો સડસઠ અને બાવન પૈસા માત્ર)
રચનાત્મક / સાંકેતિક કબજાની તારીખ ૨૯-૦૮-૨૦૨૬.

મિલકતની વિગત:- સ્થાવર રહેણાંક મિલકતનો તે તમામ ભાગ અને હિસ્સો, જે 'સ્વામિનારાયણ પાર્ક-૧ (વટવા)' નામની યોજનામાં આવેલ છે; આ મિલકત ફ્લેટ નં. એ/૨૦૪ (બ્રોશર મુજબ), (એએમસી પ્લાન મુજબ ફ્લેટ નં. બી/૨૦૪) બ્લોક નં. બી, બીજા માળે આવેલ છે, જેનું ક્ષેત્રફળ આશરે ૧૦૦ ચોરસ વાર એટલે કે ૮૩.૬૧ ચોરસ મીટર છે અને તેમાં જમીનમાં અવિભાજિત હકોનો સમાવેશ થાય છે. આ મિલકત ગામ: નરોલના સર્વે નં. ૮૧/૧, ૮૧/૨ અને ૮૨/૩ ની જમીન પર, અને વધુ ચોક્કસ રીતે કહીએ તો ગામ: નરોલની ટી.પી. સ્કીમ નં. ૫૭ ના ફાઈનલ પ્લોટ નં. ૧૧૮, ૧૨૫ અને ૧૨૬ ની જમીન પર આવેલી છે (તાલુકો: મણિનગર, જિલ્લો: અમદાવાદ અને રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ: અમદાવાદ-૫ (નરોલ)). મિલકતની ચારે બાજુની હદ નીચે મુજબ છે:- ઉત્તર: ફ્લેટ નં. એ-૨૦૩, દક્ષિણ: રોડ, પૂર્વ: સ્કીમ રોડ, પશ્ચિમ: ફ્લેટ નં. એ-૨૦૫.

સ્થળ: અમદાવાદ
તારીખ: ૩૧.૦૮.૨૦૨૬
સહી/- અધિકૃત અધિકારી
નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ માટે
(અગાઉ એડલવાઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી)

**ઈ-હરાજી - વેચાણ સૂચના**
ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ, 2016 હેઠળ, ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ દેવાદારોને વ્યક્તિગત ગેરેંટી આપનારાઓ માટે બેન્કરપ્સી પ્રક્રિયા) નિયમનો, 2019 ના નિયમન 27 સાથે વાંચો.

શ્રી અનિલ અમરનાથ અગ્રવાલની નાદારી પ્રક્રિયામાં
(વિવેક સ્ટીલકો પ્રાઇવેટ લિમિટેડના વ્યક્તિગત ગેરેંટી - કોર્પોરેટ દેવાદાર)
સરનામું સી-51, સેન્ચ્યુરી ટાવર, ટીજીબી પાછળ, બોડકદેવ, અમદાવાદ શહેર, બોડકદેવ, અમદાવાદ, ગુજરાત-380054

નાદારી ટ્રસ્ટીનું કાર્યાલય:
CA અને IP ભાવન ત્રિવેદી
સરનામું: 55, છઠ્ઠો માળ, શ્રી ક્રિષ્ના સેન્ટર, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત, 380009.
મેઇલ સરનામું: bt.anilagrawal@gmail.com

શ્રી અનિલ અમરનાથ અગ્રવાલ નાદારી મિલકતનો ભાગ બનેલી નીચેની મિલકતો નાદારી ટ્રસ્ટી દ્વારા વેચાણ માટે ઓફર કરવામાં આવી છે:

| ક્રમ નં. | અસ્કયામતોનું વર્ણન | અનામત કિંમત | ઇએમડી (10%) | બિડ વધારો રકમ |
|---|---|---|---|---|
| 1. | દુકાન નં. 309, ત્રીજો માળ,"આનંદ કાપડ બજાર", આશીર્વાદ કાપડ બજારની સામે, સારંગપુર બ્રિજ રોડ,સારંગપુર, અમદાવાદ-380002 ખાતે આવેલી વાણિજ્યિક મિલકત. શીટ નં.: 69, શહેર સર્વે નં.: 689/પી, મૌજે: રેલવેપુરા,તાલુકા: શહેર, જિલ્લો: અમદાવાદ. (કાર્પેટ વિસ્તાર: 144 ચો.ફૂટ) | 8,10,000 | 81,000 | 25,000 |
| 2. | પ્લોટ નં.: E/146, રેવન્યુ સર્વે નં.: 1179, તેજસ મેટલ ઇન્ડસ્ટ્રીઝ ની બાજુમાં,જામનગર-લાલપુર બાયપાસ રોડ પાસે, GIDC ફેઝ-2, મૌજે: જામનગર, તાલુકો: જામનગર, જિલ્લો: જામનગર.(જમીન વિસ્તાર: 303.75 ચો.મી.) | 68,34,750 | 6,83,475 | 1,00,000 |

1. મિલ્કતોનું વેચાણ "જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં", "જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં", "જે ઉપલબ્ધ છે તે પ્રમાણે" અને "કોઈપણ જવાબદારી વિના" ધોરણે કરવામાં આવશે. (મિલકત નાદાર વ્યક્તિના કબજા હેઠળ છે અને નાદારી ટ્રસ્ટી કબજો મેળવવા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે. વેચાણ લાગુ કાનૂની પ્રક્રિયાને આધીન રહેશે.)આ વેચાણ લાગુ પડતી કાયદાકીય પ્રક્રિયાને આધીન રહેશે. શ્રી અનિલ અગ્રવાલે જામનગર-લાલપુર બાયપાસ રોડ, GIDC ફેઝ-II ખાતેના પ્લોટને 'બિન-ઉપયોગ' (non-use) ના આધારે રદ કરવાના GIDC ના નિર્ણય સામે SCA નં. 14355/2023 હેઠળ અરજી દાખલ કરી છે, જે હાલમાં ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.
2. વેચાણ નીચે સહી કરનાર દ્વારા ઈ-ઓક્શન પ્લેટફોર્મ BAANKNET (પ્રત્યેક 5 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે) દ્વારા કરવામાં આવશે.
3. અનામત કિંમત લેણદારોના નિર્ણય અને નાદારી અને નાદારી સંહિતા, 2016 અને તેના હેઠળ રચાયેલા નિયમોની લાગુ જોગવાઈઓ અનુસાર નક્કી કરવામાં આવી છે.
4. ઈ-ઓક્શનના વિગતવાર નિયમો અને શરતો સંપૂર્ણ ઈ-ઓક્શન પ્રક્રિયા દસ્તાવેજમાં https://www.baanknet.com પર ઉપલબ્ધ છે અથવા નાદારી ટ્રસ્ટીને ઈમેલ મોકલીને મેળવી શકાય છે. ઈ-ઓક્શન પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં કોઈપણ ટેકનિકલ સહાય માટે, રસ ધરાવતા બોલી લગાવનારાઓ વેબસાઇટ પર ઉપલબ્ધ વિગતો દ્વારા BAANKNET સપોર્ટ ટીમનો સંપર્ક કરી શકે છે.
5. વધુ વિગતો માટે, રસ ધરાવતા પક્ષો શ્રી ભાવન ત્રિવેદીનો ફોન નંબર 9824094617 અથવા ઇમેઇલ: bt.anilagrawal@gmail.com પર સંપર્ક કરી શકે છે.
6. રસ ધરાવતા પક્ષો / બોલી લગાવનારાઓને ઉપરોક્ત વેબસાઇટની મુલાકાત લેવા અને જરૂરી દસ્તાવેજો સાથે તેમની બોલી સબમિટ કરવા વિનંતી છે.
7. નાદારી ટ્રસ્ટી કોઈપણ અથવા બધી બોલી સ્વીકારવા અથવા નકારવાનો અથવા કોઈપણ કારણ આપ્યા વિના ઈ-ઓક્શનની શરતો રદ કરવા અથવા સુધારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણ નાદારી ટ્રસ્ટી દ્વારા પુષ્ટિને આધીન છે.
8. હરાજીનું સમયપત્રક કાર્યકારી આવશ્યકતાઓને આધારે બદલાઈ શકે છે.
9. બિડ દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ: 05:00 PM, 05 સપ્ટેમ્બર 2026
10. EMD જમા કરાવવાની છેલ્લી તારીખ: 05:00 PM, 05 સપ્ટેમ્બર 2026
11. સ્થળ મુલાકાત 01 સપ્ટેમ્બર 2026 અને 05 સપ્ટેમ્બર 2026 ની વચ્ચે અગાઉથી મુલાકાત લેવા પર ગોઠવવામાં આવશે
12. રસ ધરાવતા બિડર્સને હરાજીમાં ભાગ લેતા પહેલા મિલકતની પ્રકૃતિ, માપન, ભૌતિક સ્થિતિ અને બોજો સ્વતંત્ર રીતે ચકાસવાની સલાહ આપવામાં આવે છે.
13. નાદારી ટ્રસ્ટી મિલકતોના માપન, ભૌતિક સ્થિતિ અથવા સુલભતામાં કોઈપણ ફેરફાર માટે જવાબદાર રહેશે નહીં અને બિડર્સને ભાગ લેતા પહેલા પોતાની સ્વતંત્ર ડ્યુ ડિલિજન્સ કરવાની સલાહ આપવામાં આવે છે.
14. બોલી લગાવનારાઓની ચકાસણી અને લોગિન ઓળખપત્રો જારી કરવાની તારીખ: 06 સપ્ટેમ્બર 2026
15. ઈ-હરાજીની તારીખ અને સમય: 09 સપ્ટેમ્બર 2026 સવારે 11:00 થી બપોરે 01:00 વાગ્યા સુધી (દરેક 5 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે)

સહી/- શ્રી ભાવન ત્રિવેદી
Reg No. IBBI/IPA-001/P00335/2017-18/10605
અનિલ અમરનાથ અગ્રવાલના કેસમાં નાદારી ટ્રસ્ટી
સ્થળ : અમદાવાદ.
તારીખ : 31-08-2026

**ઈ-હરાજી - વેચાણ સૂચના**
ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી કોડ, 2016 હેઠળ, ઇન્સોલ્વન્સી અને બેન્કરપ્સી બોર્ડ ઓફ ઇન્ડિયા (કોર્પોરેટ દેવાદારોને વ્યક્તિગત ગેરેંટી આપનારાઓ માટે બેન્કરપ્સી પ્રક્રિયા) નિયમનો, 2019 ના નિયમન 27 સાથે વાંચો.

શ્રી વિવેક સુરેશ અગ્રવાલની નાદારી પ્રક્રિયામાં
(વિવેક સ્ટીલકો પ્રાઇવેટ લિમિટેડના વ્યક્તિગત ગેરેંટી-કોર્પોરેટ દેવાદાર)
સરનામું: વિવેક વિલા, 21, સારથી ભાગ-3, ડ્રાઇવ-ઇન રોડ, સાલ હોસ્પિટલ પાસે, થલતેજ, મેમનગર, અમદાવાદ, ગુજરાત-380052

નાદારી ટ્રસ્ટીનું કાર્યાલય:
CA અને IP ભાવન ત્રિવેદી
સરનામું: 55, છઠ્ઠો માળ, શ્રી ક્રિષ્ના સેન્ટર, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત, 380009
મેઇલ સરનામું: bt.vivekagrawal@gmail.com

નાદારી એસ્ટેટનો ભાગ બનતા શ્રી વિવેક સુરેશ અગ્રવાલની નીચેની મિલકતો નાદારી ટ્રસ્ટી દ્વારા વેચાણ માટે ઓફર કરવામાં આવી છે:

| ક્રમ નં. | અસ્કયામતોનું વર્ણન | અનામત કિંમત | ઇએમડી (10%) | બિડ વધારો રકમ |
|---|---|---|---|---|
| 1. | કોમર્શિયલ ઓફિસ, ઓફિસ નંબર: A/201, બીજો માળ, મોન્ડેલ સ્ક્વેર, પાર્શ્વનાથ બિઝનેસ પાર્કની બાજુમાં, ઇસ્કોન એલિગન્સ પાસે, સરખેજ-ગાંધીનગર હાઇવે, પ્રહલાદનગર, અમદાવાદ-380015. (સુપર બિલ્ટ-અપ વિસ્તાર: 3285.35 ચો.ફૂટ.) | 2,22,66,000 | 22,26,600 | 2,00,000 |
| 2. | પ્લોટ નં.: 7 (રેવન્યુ સર્વે નં.: 55/પી), રાજ લુબ્રિકન્ટ્સ સામે, જામનગર-લાલપુર રોડ પાસે, GIDC ફેઝ-2, જામનગર -361004. મૌજે: જામનગર, તાલુકો: જામનગર, જિલ્લો: જામનગર (વિસ્તાર: 446.13 ચો.મી.) | 1,00,37,700 | 10,03,770 | 1,00,000 |
| 3. | પ્લોટ નં.: 716/એ, જીઆઈડીસી ફેઝ-2, જામનગર-361004 ખાતે આવેલ ઔદ્યોગિક ખુલ્લો પ્લોટ | 2,76,21,000 | 27,62,100 | 2,50,000 |

1. મિલકતોનું વેચાણ "જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં", "જે સ્વરૂપમાં છે તે સ્વરૂપમાં", "જે ઉપલબ્ધ છે તે પ્રમાણે" અને "કોઈપણ જવાબદારી વિના" ધોરણે કરવામાં આવશે. (મિલકત નાદાર વ્યક્તિના કબજા હેઠળ છે અને નાદારી ટ્રસ્ટી કબજો મેળવવા માટે જરૂરી પગલાં લઈ રહ્યા છે. વેચાણ લાગુ કાનૂની પ્રક્રિયાને આધીન રહેશે.)
2. વેચાણ નીચે સહી કરનાર દ્વારા ઈ-ઓક્શન પ્લેટફોર્મ BAANKNET દ્વારા કરવામાં આવશે (દરેક 5 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે).
3. અનામત કિંમત લેણદારોના નિર્ણય અને નાદારી અને નાદારી સંહિતા, 2016 અને તેના હેઠળ રચાયેલ નિયમોની લાગુ જોગવાઈઓ અનુસાર નક્કી કરવામાં આવી છે.
4. નાદારી ટ્રસ્ટી મિલકતોના માપ, ભૌતિક સ્થિતિ અથવા સુલભતામાં કોઈપણ ફેરફાર માટે જવાબદાર રહેશે નહીં અને બોલી લગાવનારાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ ભાગ લેતા પહેલા પોતાની સ્વતંત્ર ડ્યુ ડિલિજન્સ કરે.
5. ઈ-હરાજીના વિગતવાર નિયમો અને શરતો સંપૂર્ણ ઈ-હરાજી પ્રક્રિયા દસ્તાવેજમાં https://www.baanknet.com પર ઉપલબ્ધ છે અથવા નાદારી ટ્રસ્ટીને ઈમેલ મોકલીને મેળવી શકાય છે. ઈ-હરાજી પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં કોઈપણ તકનીકી સહાય માટે, રસ ધરાવતા બિડર્સ વેબસાઇટ પર ઉપલબ્ધ વિગતો દ્વારા BAANKNET સપોર્ટ ટીમનો સંપર્ક કરી શકે છે.
6. વધુ વિગતો માટે, રસ ધરાવતા પક્ષો શ્રી ભાવન ત્રિવેદીનો ફોન નંબર 9824094617 અથવા ઈમેલ: bt.vivekagrawal@gmail.com પર સંપર્ક કરી શકે છે.
7. રસ ધરાવતા પક્ષો / બિડર્સને ઉપરોક્ત વેબસાઇટની મુલાકાત લેવા અને જરૂરી દસ્તાવેજો સાથે તેમની બિડ સબમિટ કરવા વિનંતી કરવામાં આવે છે.
8. નાદારી ટ્રસ્ટી કોઈપણ અથવા બધી બિડ સ્વીકારવા અથવા નકારવાનો અથવા કોઈપણ કારણ આપ્યા વિના ઈ-હરાજીની શરતો રદ કરવા અથવા સુધારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણ નાદારી ટ્રસ્ટી દ્વારા પુષ્ટિને આધીન છે.
9. હરાજીનું સમયપત્રક કાર્યકારી આવશ્યકતાઓને આધારે બદલાઈ શકે છે.
10. બિડ દસ્તાવેજો સબમિટ કરવાની છેલ્લી તારીખ: 05:00 PM 05 સપ્ટેમ્બર 2026
11. EMD જમા કરાવવાની છેલ્લી તારીખ: 05:00 PM 05 સપ્ટેમ્બર 2026
12. સ્થળ મુલાકાત 01 સપ્ટેમ્બર 2026 અને 05 સપ્ટેમ્બર 2026 વચ્ચે અગાઉથી મુલાકાત લેવા માટે ગોઠવવામાં આવશે
13. રસ ધરાવતા બિડર્સને હરાજીમાં ભાગ લેતા પહેલા મિલકતની પ્રકૃતિ, માપ, ભૌતિક સ્થિતિ અને બોજો સ્વતંત્ર રીતે ચકાસવાની સલાહ આપવામાં આવે છે.
14. બિડરોની ચકાસણી અને લોગિન ઓળખપત્રો જારી કરવા: 06 સપ્ટેમ્બર 2026
15. ઈ-હરાજીની તારીખ અને સમય: 09 સપ્ટેમ્બર 2026 સવારે 11:00 થી બપોરે 01:00 વાગ્યા સુધી (દરેક 5 મિનિટના અમર્યાદિત વિસ્તરણ સાથે)

સહી/- શ્રી ભાવન ત્રિવેદી
Reg No. IBBI/IPA-001/P00335/2017-18/10605
વિવેક સુરેશ અગ્રવાલના કેસમાં નાદારી ટ્રસ્ટી
સ્થળ : અમદાવાદ.
તારીખ : 31-08-2026